**માન.અધ્યક્ષશ્રી**

મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા બે વર્ષમાં આંગણવાડી મકાન બાંધકામ માટે અમારી સરકારે ખુબ માતબર રકમની જોગવાઇ કરી છે ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪ માટે ૩૨૫૦ આંગણવાડી કેન્દ્રોને મંજુરી જેમાં.....

- ૧૬૦૦ જર્જરીત આંગણવાડી અને
- ૧૬૫૦ નવા મકાનો. એમ કરી કુલ ૩૨૫૦ મકાનો બાંધવાનો લક્ષ્યાંક જીલ્લાઓને ફાળવેલ છે. આ માટે મંજુર કરેલ રૂ. ૧૩૮ કરોડ પૈકી રૂ. ૯૮ કરોડ ૧૬ લાખની ગ્રાન્ટ જીલ્લાઓને ફાળવી દીધેલ છે.

**માન.અધ્યક્ષશ્રી**

વર્ષ ૨૦૨૩–૨૪માં આંગણવાડી કેંદ્રોના માઇનોર રિપેરીંગ અને રિનોવેશન માટે બજેટ જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. જેમાં. નાના મોટા સમારકામ માટે આંગણવાડી દીઠ રૂ.૮૫૦૦/– જેનાથી મારી વર્કર બહેનો સરળતાથી જરૂરીયાત મુજબ રિપેરીંગ કામ કરાવી શકે છે. આ પુરે–પુરી ગ્રાન્ટ આંગણવાડી કેન્દ્રના સંસ્થાકિય ખાતામાં સિધા જીલ્લા સ્તરથી ફાળવવામાં આવે છે.

આજ રીતે આંગણવાડી કેન્દ્રને જર્જરીત થતુ અટકાવવા માટે પ્રતિ આંગણવાડી રૂ. ૨ લાખની જોગવાઇ ચાલુ વર્ષે કરેલ છે. આ માટે રૂ. ૨૧ કરોડ ૨૪ લાખની રકમ જીલ્લાઓને ટુંક સમયમાં ફાળવી આપવામાં આવશે.

**માન.અધ્યક્ષશ્રી**

આંગણવાડી ૨.૦ યોજના અંતર્ગત આંગણવાડીઓના માળખાકિય વિકાસ માટે આગામી ત્રણ નાણાંકીય વર્ષ માટે રૂ. ૧૮૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. જેમાં આગામી નાણાંકીય વર્ષ માટે રૂ.૨૦૦ કરોડ મંજુર કરેલ છે. આગામી વર્ષ પ્રિકાસ્ટ મોડેલથી આંગણવાડીઓ તૈયાર કરવાની બાબત પણ વિચારણ હેઠળ છે.

આંગણવાડી મકાનબાંધકામની યુનિટ કોસ્ટમાં
રૂ. ૧૨ લાખ છે તે પૈકી ૮ લાખ મનરેગા,
૨ લાખ અન્ય ફંડ,
૨ લાખ વિભાગની ગ્રાન્ટ જેમાં ૧.૨૦ ભારત સરકારના અને ૮૦ રાજ્ય સરકારના આમ મળી કુલ ૧૨ લાખ રૂપિયા થાય છે.